# અનલૉક ચોક્સાઈથી થશે તો કેસ વધશે નહીં : ગુલેરિયા

## દેશભરમાં કોરોનાન બીજી લહેરથી કોહરામ મચી ગયો : કોરોનાની ત્રીજી લહેરને લઈને ઊભા થતા અનેક પ્રશ્નો પર એઈમ્સના ડિરેક્ટર ડોક્ટર રણદીપ ગુલેરિયાએ જવાબ આપ્યા : જૂનના અંત સુધીમાં કેસ ઘટશે



નવી દિલ્હી, તા. ૫

દેશના મોટાભાગના રાજ્યોમાં કોરોનાની બીજી લહેરને કારણે કોહરામ મચી ગયો હતો. કોરોનાની બીજી લહેર ઘણી ઘાતક સાબિત થઈ હતી. બીજી લહેર હજી માંડ શાંત થઈ રહી છે ત્યારે લોકોમાં ત્રીજી લહેરનો ભય જોવા મળી રહ્યો છે. લોકોના મનમાં ત્રીજી લહેરને લઈને અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. મીડિયા સાથેની વાતચીતમાં એઈમ્સના ડિરેક્ટર ડોક્ટર રણદીપ ગુલેરિયાએ ઘણાં બધા સવાલોના જવાબ આપ્યા હતા.

દેશભરમાં કોરોનાના કેસની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે, તેના વિષે ડોક્ટર ગુલેરિયાએ કહ્યું કે આગામી બે ત્રણ અઠવાડિયા અથવા આ મહિનાના અંત સુધીમાં કેસની સંખ્યા ઓછી થવી જોઈએ. અને જો અનલૉકની પ્રક્રિયા સટીક રીતે કરવામાં આવશે તો કેસની સંખ્યામાં વધારો નહીં થાય. કોરોનાની ત્રીજી લહેરની વાત કરતાં ડોક્ટર ગુલેરિયાએ જણાવ્યું કે, ૧૯૧૮માં પણ જ્યારે મહામારી આવી હતી ત્યારે ઘણાં લોકોના મૃત્યુ થયા હતા. ત્યારે પણ ત્રીજી લહેર આવી હતી પરંતુ ત્રીજી લહેરમાં બીજી લહેરની સરખામણીમાં કેસ ઘણાં ઓછા હતા.

કહેવામાં આવી રહ્યું છે કે ત્રીજી લહેર બાળકો માટે જોખમી સાબિત થઈ શકે છે. ડોક્ટર ગુલેરિયા આ વિષે જણાવે છે કે, ગ્લોબલ ડેટાની વાત કરીએ તો બીજી લહેરમાં યુવાઓ અને વયસ્કોમાં વધારે સંખ્યામાં કેસ જોવા મળ્યા. લોકોને હવે બાળકો વાયરસની ચપેટમાં આવશે તેનો ડર છે. જ્યાં સુધી બાળકોની વાત છે તો બાળકોમાં માઈલ્ડ ઈલનેસ જ જોવા મળશે. બાળકોમાં રસીકરણ બાબતે તેમણે કહ્યું કે, બાળકોને રસી આપવી જરૂરી છે. ભારત બાયોટેક ૨થી ૧૮ વર્ષના બાળકોનું ટ્રાયલ કરી રહી છે. હજી પણ રસીકરણ માટે કો-મોર્બિરીટી વાળા લોકોને પ્રાથમિકતા આપવી જરૂરી છે. ડોક્ટર ગુલેરિયાએ આગળ જણાવ્યું કે, આપણે સમજવાની જરૂર છે કે આપણે વાયરસ સામે લડવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ, વાયરસ પણ પોતાને બચાવી રાખવા માટે આપણી સાથે લડી રહ્યો છે. રસીકરણની સાથે સાથે કોરોનાને લગતા નિયમોનું પાલન કરીએ તે પણ જરૂરી છે. રસીના મિક્સ ડોઝ પર ડોક્ટર ગુલેરિયાએ કહ્યું કે, તેના પર અત્યારે અભ્યાસ ચાલી રહ્યો છે. પરંતુ ગ્લોબલી ઘણાં લોકોને તેનાથી સાઈડઈફેક્ટ થઈ છે. માટે ડેટા આવે નહીં ત્યાં સુધી કંઈ પણ કહેવુ યોગ્ય નથી. અત્યારે તો બન્ને ડોઝમાં એક જ રસી લેવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. વેક્સિનની બીજી રસીનો ગેપ કેમ વધારવામાં આવ્યો તે પ્રશ્ન પર ડોક્ટર ગુલેરિયાએ કહ્યું કે, માત્ર કોવીશીલ્ડ વેક્સિન માટે જ અંતર વધારવામાં આવ્યું છે. એક નવા વૈજ્ઞાનિક અભ્યાસ અનુસાર, બીજો ડોઝ ૧૨ અઠવાડિયા પછી લેવામાં આવે તો વધારે સારી રીતે એન્ટીબૉડી ડેવલપ થાય છે. તેમણે કહ્યું કે, જો તમે રિકવર થઈ જાઓ તો ધીરે ધીરે એક્ટિવિટી વધારો. એકદમથી કસરત કરવાનું પણ શરુ ના કરો. બોડીને આરામ આપો અને યોગ કરો. ડાયટનું ધ્યાન રાખો.

## વેંકૈયા નાયડુના ટ્વિટર હેન્ડલ પરથી બ્લૂ ટિક હટાવાઈ

**ઉપરાષ્ટ્રપતિના અંગત હેન્ડલમાંથી બ્લૂ ટિકને દૂર કરવાનું મોટું કારણ પ્લેટફોર્મ પરની તેમની નિષ્ક્રિયતા હતી**

નવી દિલ્હી,તા.૫

માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ ટ્વિટરે ભારતના ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુના અંગત ટ્વિટર હેન્ડલ પરથી બ્લૂ ટિક હટાવી દીધી હતી પરંતુ થોડા સમયમાં ફરીથી વેરિફાઇ કર્યું છે. ઉપરાષ્ટ્રપતિની કચેરીએ આ માહિતી આપી હતી. જોકે, સંઘનાં પૂર્વ સરકાર્યવાહ ભૈયાજી જોશી (સુરેશ જોશી), પૂર્વ સરકાર્યવાહ સુરેશ સોની અને સર કાર્યવાહ અરુણ કુમારનાં એકાઉન્ટને ટ્વિટરે અનવેરિફાઇડ કરી દીધા છે. ખબર એ છે હતી કે, ઉપરાષ્ટ્રપતિના અંગત હેન્ડલમાંથી બ્લૂ ટિકને દૂર કરવાનું મોટું કારણ પ્લેટફોર્મ પરની તેમની નિષ્ક્રિયતા હતી. ઉપરાષ્ટ્રપતિ કાર્યાલયના એક અધિકારીએ કહ્યું કે, 'વેંકૈયા નાયડુનું વ્યક્તિગત અકાઉન્ટ ૬ મહિનાથી નિષ્ક્રિય હતું અને હવે તેનું બ્લૂ ટિક હટાવી લેવાયું છે.' આ અંગે ભારતીય જનતા પાર્ટી મુંબઇના પ્રવક્તા સુરેશ નખુઆએ ટ્વિટર પર એક અનેક સવાલો ઉઠાવ્યાં છે. તેમણે તેને 'ભારતના બંધારણ પર હુમલો' ગણાવ્યો છે. આપને જણાવી દઈએ કે, નવા આઈટી નિયમોને લઈને ટ્વિટર અને ભારત સરકાર વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. આવી સ્થિતિમાં, આ નવીનતમ મામલો વિવાદને વધુ વધારી શકે છે. ટ્વિટરને ટાંકીને જણાવ્યું છે કે, કંપની કોઈપણ સમયે કોઈ સૂચના લીધા વિના ટ્વિટર એકાઉન્ટની બ્લૂ વેરિફાઇડ બેજ અને વેરિફાઇડ સ્ટેટસને દૂર કરી શકે છે. ટ્વિટર અનુસાર, બ્લૂ વેરિફાઇડ બેજ એટલે કે એકાઉન્ટ લોકોના હિતનું છે અને અસલી છે. ખાસ વાત એ છે કે, આ ટિક મેળવવા માટે, ટ્વિટર એકાઉન્ટ સક્રિય અને અસલ હોવું જોઈએ.

## આઈટી નિયમોનું પાલન કરવા ટ્વિટરને કેન્દ્રની અંતિમ નોટિસ

**નવા આઈટી નિયમોનું પાલન કરાવવા કેન્દ્ર પ્રતિબદ્ધ : સરકારે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે જો ટ્વિટરે ભારતમાં રહેવું હશે તો તેણે દેશના નિયમ-કાયદાને માનવા જ પડશે**

નવી દિલ્હી, તા. ૫

નવા આઈટી નિયમોનું પાલન સુનિશ્ચિત કરાવવા માટે કેંદ્ર સરકાર પુરી રીતે પ્રતિબદ્ધ જોવા મળી રહી છે. આ મુદ્દે લાંબા સમયથી સોશિયલ મીડિયાની દિગ્ગજ કંપની ટ્વિટર સાથે ચાલી રહેલા વિવાદ વચ્ચે આ વખતે કેંદ્ર સરકારે આ કંપની અંતિમ ચેતવણી આપી છે. સૂત્રોના અનુસાર કેંદ્રીય મંત્રી રવિ શંકર પ્રસાદના નેતૃત્વમાં મંત્રાલયના મહત્વપૂર્ણ અધિકારીઓની બેઠકમાં મહત્વપૂર્ણ ચર્ચા થયા બાદ ટ્વિટરને આ ચેતવણી જાહેર કરવામાં આવી હતી. કેંદ્ર સરકારના મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલી ફાઇનલ નોટિસમાં કહેવામાં આવ્યું છે કે નવા આઈટી નિયમોના અનુપાલનમાં નિષ્ફળ રહેતાં ટ્વિટર આઈટી એક્ટ હેઠળ દાયિત્વમાં છૂટ ગુમાવી દેશે. એટલે કે સરકારે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે જો તેને ભારતમાં રહેવું છે તો તે દેશના નિયમ કાયદાને માનવા જ પડશે. સ્પષ્ટ છે કે આ હેતુથી સરકારે આ ટ્વિટર ઈન્ડીયાને નવા આઈટી નિયમોનું પાલન કરવા માટે ફાઈનલ નોટિસ જાહેર કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચીફ કંપ્લાયન્સ અધિકારીની નિયુક્તિ વિશે ટ્વિટરે અત્યાર સુધી કોઈ જવાબ આપ્યો નથી. તો બીજી તરફ ટ્વિટર દ્વારા નિયુક્ત કરવામાં આવેલા રેસિડેન્ટ ગ્રીવાંસ અધિકારી અને નોડલ કોંટેક્સ પર્સનલ ટ્વિટરના કર્મચારી નથી. તો બીજી તરફ ટ્વિટરએ પોતાનું એડ્રેસ લો ફર્મના ઓફિસનો દાવો કર્યો છે જે નિયમોના મુજબ માન્ય નથી.

ભારત સૌથી મોટું લોકતંત્ર છે. ટ્વિટરને અહીં ખુલ્લા હાથે અપનાવવામાં આવ્યું. પરંતુ દસ વર્ષથી અહીં કામ કરવા છતાં ટ્વિટર એવું કોઈ મિકેનિઝમ બનાવી શક્યું નથી કે જેથી ભારતના લોકોને ટ્વિટર વિશે પોતાની ફરિયાદને ઉકેલવાની તક મળી શકે.

સરકારે એ પણ કહ્યું કે અત્યારે સદભાવના તરીકે નવા આઈટી નિયમોનું પાલનની એક અંતિમ તક ટ્વિટરે ગુમાવી દીધી છે.

## મે મહિનામાં કોરોનાથી મૃત્યાંકના ૫૨% મોત ગામડાઓમાં થયા

**ત્રીજી લહેરને લઈને સરકારે ચેતવ્યા : ભારતે હજી સુધી તેની વસતીના માત્ર ૩.૧૨ ટકા લોકોને રસીના બંને ડોઝ આપ્યા છે, આ વૈશ્વિક સરેરાશના ૫.૪૮ ટકા કરતા ઘણા ઓછા છે**

નવી દિલ્હી,તા.૫

દેશમાં કોરોના મહામારીની લહેર ધીમી પડી રહી છે. મે મહિનામાં કોરોના મહામારીને કારણે થયેલા કુલ મૃત્યુમાંથી ૫૨ ટકા દેશના ગ્રામીણ વિસ્તારોમાં થયા છે. સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરોમેન્ટના અહેવાલમાં આ વાત કહેવામાં આવી છે. અહેવાલ મુજબ, આ વખતે કોરોનાની બીજી લહેરની વધુ અસર દેશના ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળી છે. અહેવાલમાં જણાવ્યા અનુસાર દેશમાં કોરોનાના ૫૩ ટકા નવા કેસ અને ૫૨ ટકા મૃત્યુ ગ્રામીણ જિલ્લાઓમાં થયા છે. દેશમાં મે મહિનામાં ૯૪.૧૨ લાખ કોરોના વાયરસ સંક્રમણના કેસ અને ૧.૨૩ લાખ લોકોના મોત નોંધાયા છે. એપ્રિલમાં ભારતમાં ૬૪.૮૧ લાખ સંક્રમણના કેસ અને ૪૫,૮૬૨ લોકોનાં મોત નોંધાયા છે. તેની તુલનામાં મે મહિનામાં કોરોના સંક્રણમાં ૪૩ ટકા અને મૃત્યુમાં ૧૬૩ ટકાનો વધારો નોંધાયો હતો. જો કે, તે રાહતની વાત છે કે લગભગ બે મહિના પછી છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના સૌથી ઓછા ૧,૨૦, ૪૫૪ નવા કેસ નોંધાયા છે. આ દરમિયાન ૩૩૪૯ લોકોનાં મોત નીપજ્યાં. રિપોર્ટ અનુસાર, ભારતે હજી સુધી તેની વસ્તીના માત્ર ૩.૧૨ ટકા લોકોને રસીના બંને ડોઝ આપ્યા છે. આ વૈશ્વિક સરેરાશના ૫.૪૮ ટકા કરતા ઘણા ઓછા છે. અહેવાલ મુજબ, એપ્રિલ મે મહિના દરમિયાન કોરોનાની બીજી લહેરમાં પીક આવ્યા પછી રસીકરણની ગતિ મે મહિનાથી ધીમી પડી ગઈ છે. અહેવાલ મુજબ ૩૧ મે સુધી વિશ્વભરમાં ૨ અબજ લોકોને રસી આપવામાં આવી છે. આમાંથી ભારતમાં માત્ર ૨૦૦ કરોડ લોકોને રસી મળી છે. એક તરફ ધીમી ગતીએ રસીકરણ અને બીજી તરફ કોરોના કેસ ઘટાતા મળતી છૂટછાટમાં લોકોની ભીડ પૂર્વવત રસ્તાઓ પર વધી રહી છે. જેને લઈને કેન્દ્ર સરકારે ચેતવણી આપી છે કે જો કોરોનાને લઈને શિથલ નીતિઓ રાખાવામાં આવશે તો સ્થિતિ ફરી વણસી શકે છે.



**પાલનપુરમાં વાવાઝોડા સાથે વરસાદ : કલેક્ટર કચેરીમાં વૃક્ષ ધરાશાઇ**

બનાસકાંઠામાં ગત મોડી રાત્રીએ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. અને વાવાજોડા અને ગાજવીજ સાથે વરસાદ ચાલુ થયો હતો. જેના પગલે પાલનપુર શહેરના હાઈવે વિસ્તારમાં આવેલ લોખંડનો ગલ્લો ઉધો પડી ગયો હતો. અને કલેક્ટર કચેરીના બગીચામાં ઉભેલુ વૃક્ષ મુળમાંથી ધરાસાઈ થઈ ગયુ હતુ. તેમજ વાવાજોડા સાથે વરસાદ શરૂ થતા હોડીંગ્સ ઉડી ગયા હતા. અને પતરાવાળા છાપરાઓ ઉપરથી પતરા પણ ઉડીને દુર સુધી ફેકાયા હતા. તેમજ થોડોક સમય પુરતો વિજ પુરવઠો પણ ખોરવાઈ ગયો હતો.

## હીરાપુરકંપા પ્રાથમિક શાળાના આચાર્યના નિધનથી શોક



ધનસુરા તાલુકાની હીરાપુરકંપા પ્રા.શાળાના આચાર્ય અમૃતાભાઈ પ્રભુદાસભાઈ પ્રજાપતિનું કોરોનાની સારવાર દરમ્યાન મોત નિપજતાં શિક્ષક આલમમાં ઘેરો શોક છવાયો છે. મૃતક આચાર્યએ એક મહિનાની સારવારમાં કોરોનાને હરાવ્યો પરંતુ ગત રોજ જીંદગી સામેનો જંગ હારી જતાં કોરોનાની વધુ એક કરૂણાંતિકાએ શિક્ષણ જગતને હચમચાવી નાખ્યું છે.

કાળમુખા કોરોનાએ ગામે ગામ કહેર વરસાવતાં મોતનો માતમ છવાયો છે. બીજી લહેરે સૌથી વધુ સંક્રમિત દર્દીઓના મોત નિપજ્યા છે જેમાં ડૉક્ટરો પછી શિક્ષકો ઉપર કોરોનાનો ક્રૂર પંજો જોવા મળ્યો. ધનસુરા તાલુકામાં વધુ એક આચાર્યનું કોરોનાની સારવાર દરમ્યાન મોત નિપજતાં શોકનું મોજુ ફરી વળ્યું છે. તાલુકાની હીરાપુરકંપા પ્રા.શાળાના મુખ્ય શિક્ષક અમૃતભાઈ પ્રજાપતિ કોરોનાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે શરૂઆતમાં બાયડની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ હાલત વધુ નાજૂક જણાતાં પરિવારજનો દ્વારા તેમને અમદાવાદની હોસ્પિટલમાં લઈ જવાયા હતા.





**પાલનપુર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ૫૦૦ રોપાઓનું વિતરણ કરાયું**

ભારત વિકાસ પરિષદ પાલનપુર શાખા તથા યુથ હોસ્ટેલ પાલનપુર દ્વારા આજરોજ તા-૦૫/૦૬/૨૧ ને શનિવારે "વિશ્વ પર્યાવરણ દિવસ" ના રોજ વધુ માં વધુ વૃક્ષો નું વાવેતર થાય તે માટે નિમિત્તે ગુરુનાનક ચોક પાલનપુર ખાતે "free oxygen" "free plants" અને "વૃક્ષો વાવો પર્યાવરણ બચાવો" ના બેનર હેઠળ છોડ ઘરની આજુબાજુ અથવા અન્ય જગ્યાએ સારસંભાળ રહે તેવી જગ્યાએ વાવી શકે અને તેની માવજત કરી શકે તે હેતુથી છોડ આપવાનો કાર્યક્રમ અંદાજીત ૫૦૦ રોપાનું જાહેરમાં લોકોને વિતરણ કરવામાં આવ્યું હતું.

## બનાસકાંઠામાં કોરોના અંત ભણી : માત્ર ૨૨ કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં આજે છેતાલીસમાં દિવસે કોરોના તેના અંત ભણી આગળ વધતા માત્ર ૨૨ કેસ નોંધાયા હોવાની સાથે ૫૩ લોકો સાજા થયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં બેકાબૂ બનેલો કોરોના આજે છેતાલીસમાં દિવસે તેના અંત ભણી આગળ વધતા માત્ર ૨૨ કેસ નોંધાયા હતા. જેમાં કોરોનાનું હોટસ્પોટ બનેલા જિલ્લા મથક પાલનપુરમાં ૧૧ કેસ નોંધાયા હતા. જ્યારે દાંતીવાડા ૦૧, વડગામ ૦૧, લાખણી ૦૪, ધાનેરા ૦૧, થરાદમાં ૦૩ અને સુઇગામમાં ૦૧ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લામાં આજે ૦૦ નું મોત અને ૫૩ લોકો સ્વસ્થ થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સરહદી બનાસકાંઠા જિલ્લામાં વિસ્ફોટક બેટિંગ કરતા કોરોનાની રફતાર આજે છેતાલીસમાં દિવસે પણ ધીમી રહી હતી. આમ, સરકારી નિયંત્રણો વચ્ચે છેલ્લા ૨૦ દિવસથી ધીમે ધીમે કોરોના સંક્રમણ તેના અંત તરફ આગળ વધી રહ્યું છે.



**પ્રાંતિજના મજરા, ગલેસરા અને ઓરાણ ગામની જિલ્લા સમાહર્તા હિતેષ કોયાએ મુલાકાત લીધી**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા, ગલેસરા અને ઓરાણ ગામની જિલ્લા સમાહર્તા એ ત્રણેય ગામોની મુલાકાત લીધી હતી અને મુલાકાત બાદ દફતરી તપાસ પણ કરી હતી. સાબરકાંઠા જિલ્લામાં નવનિયુક્ત કલેક્ટર હિતેષ કોયાએ પ્રાંતિજ તાલુકાના મજરા, ગલેસરા અને ઓરાણ ગામના સામાન્ય દફતરની ચકાસણી કરી હતી જયાં ગ્રામજનોને વિવિધ સહાયના દાખલાઓ તથા અન્ય સેવાઓ માટે જિલ્લા-તાલુકા મથકે ન જવુ પડે તેવી વ્યવસ્થા ઉભી કરવા સૂચન કર્યુ હતું પંચાયતી મુલાકાત દરમિયાન ગામોમાં સરપંચશ્રી તથા ગામલોકો સાથે કોવિડ રસીકરણ, વિકાસના કામો તથા અન્ય પ્રશ્નો વિશે ચર્ચા કરી વિસ્તૃત માહિતી મેળવી તો આ પ્રસંગે પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા, પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા, તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઈ પટેલ, તાલુકા હેલ્થ ઓફિસર ડાં. સોલંકી સહિત ઉપસ્થિત રહ્યા.

## પ્રાંતિજના મજરા રોડ પર વીજપોલ સાથે પિકપ ડાલુ અથડાયું



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા રોડ ઉપર વીજપોલ સાથે પિકપ ડાલુ અથડાતું. પ્રાંતિજના મજરા ગામમાં જવાના માર્ગ પર આજે સવારે ચાલક ચંદુસિંહ ડાલા નંબર GJ 9 AU 0645માં ડીઝલ પુરાવી પરત મજરા ગામમાં આવતા હતા ત્યારે કોઈ કારણસર સ્ટેરિંગ કાબુ ગુમાવતા ડાલુ વિજપોલ સાથે ધડાકાભેર અથડાયું હતુ જેમાં ચાલકનો આબાદ બચાવ થવા પામ્યો હતો અને વીજપોલ નીચેના ભાગથી ક્રેક પડી ગયો હતો ત્યારે ડાલાના માલિકે આ ઘટનાની જાણ વીજકર્મીને ટેલિફોન દ્વારા કરવામાં આવી હતી અને મોટી જાનહાની ટળી હતી.

## આકેસણ પાસે ડ્રગ્સ સાથે ઝડપાયેલા આરોપીઓના ૫ દિવસના રિમાન્ડ મંજુર

બનાસકાંઠા એસ.ઓ.જી પોલીસે પાલનપુર તાલુકાના આકેસણ ગામ નજીકથી ત્રણ કિંમતના ૩૦ ગ્રામ એમ.ડી.(મેફેડ્રોન) ડ્રગ્સ સાથે ૩ શખ્સોને ઝડપી લીધા હતા.



શખ્સોને ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી લીધા હતા. જેઓને આજે પોલીસે કોર્ટમાં રજૂ કરી ૭ દિવસના રિમાન્ડ માગ્યા હતા. જોકે, કોર્ટે ૫ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હોવાનું પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું.

બનાસકાંઠા એસ.ઓ.જી પોલીસે આકેસણ ગામની સીમમાંથી એક કારમાંથી રૂ. ૩ લાખની પોલીસે કુલ રૂ.૫,૩૮,૧૩૦ નો મુદ્દામાલ કબજે કરી ત્રણ આરોપીઓની અટકાયત કરી હતી. જોકે, આરોપીઓના કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ આજે તેઓને પોલીસે કોર્ટમાં રજૂ કર્યા હતા. જ્યાં આરોપીઓના ૭ દિવસના પોલીસ રિમાન્ડની માંગ કરાઈ હતી.